# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/ક્વા-૩/૧૯-૨૦/૮૨૧-૪૦** તા.૦૬-૦૨-૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૦/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **રજનીકાંત મનસુખભાઈ ચૌહાણ** ગામ: **રાજકોટ** **સબડીવીઝન** : બેડીનાકા - **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર રજનીકાંત મનસુખભાઈ ચૌહાણ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એન. ડી. રૂઘાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજનીકાંત મનસુખભાઈ ચૌહાણ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૪૦/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ ગ્રાહક નં.–૩૧૪૦૪/૧૦૧૫૨/૭ થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે. તેઓએ પીજીવીસીએલ પાસેથી ઉજાલા બલ્બ રોકડેથી કે હપ્તેથી ખરીદેલ નથી. તેમ છતા – વીજબીલ માહે જુન–જુલાઈ– ૧૯ મા ૧૫૩.૩૪ કપાત કરેલ છે. અગાઉ માહે ડિસેમ્બર–જાન્યુઆરી– ૧૯ ,માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૯ , માહે એપ્રીલ – મે– ૧૯ આ બીલોમા પણ ઉજાલા ચાર્જીસ વસુલાયેલ છે. સદર બાબતે પેટા વિભાગીય કચેરી બેડીનાકામાં તપાસ કરતા – બીલીંગ એજન્સીનુ કોઈ એડ્રેસ ન હોવાનુ જણાવેલ છે. સદર બાબતે તા.૦૭–૦૮–૧૯ તથા તા.૧૪–૦૮–૧૯ ના રોજ રૂબરૂ ફરીયાદ આપેલ હોવા છતા – ઉજાલા ચાર્જીસ ની રકમ વસુલવામા આવતી હોય – સદર બીલો ની કુલ રકમ રૂ.૬૧૩/૩૬ હવે પછી ના બીલમાં જમા આપવા **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક શ્રી રજનીકાંત મનસુખભાઈ ચૌહાણ જેઓ બેડીનાકા પેટાવિભાગીય કચેરી હેઠળ રહેણાંક કેટેગરી નું વિજ કનેક્શન ધરાવે છે. આ ગ્રાહકના વિજ બીલ માંથી માસ ડિસે-જાન્યુ.-૨૦૧૯ ફેબ્રુ. માર્ચ-૨૦૧૯ એપ્રિલ મે-૨૦૧૯ જુન જુલાઈ ૨૦૧૯ માં ઉજાલા ચાર્જ કપાત થયેલ છે. ત્યારબાદ ગ્રાહક શ્રીની અરજીને આધારે અને વળી કચેરીની સુચના મુજબ તેના વિજ બિલમાં ઉજાલા ચાર્જ ન આવે તે બાબતે સિસ્ટમમાં કાર્યવાહી કરવામાં આવેલ છે. તેથી માસ ઓગસ્ટ સપ્ટે-૨૦૧૯ તથા ઓકટોબર-નવે-૨૦૧૯ માં ઉજાલા ચાર્જ ચડત આવેલ નથી. આ સાથે તે બાબતની ખરાઈ અંગે લેજર કોપી રજુ કરેલ છે.

ગ્રાહક શ્રી ના ઉપરોક્ત વિજ બિલમાં અનુક્રમે ડિસે-જાન્યુ.-૨૦૧૯ ફેબ્રુ. માર્ચ-૨૦૧૯ એપ્રિલ મે-૨૦૧૯ જુન જુલાઈ ૨૦૧૯ સુધી કપાયેલ કુલ રકમ રૂ. ૬૧૩.૩૬ વિજ બિલમાં બેડીનાકા સબ ડીવી દ્વારા ID નં.૨૯૫૩૩૯૧૭ તા. ૨૭.૦૧.૨૦૨૦ થી રૂ. ૬૧૩.૩૬ ગ્રાહક શ્રી ના વીજ બીલ ના ખાતામાં જમા આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ – તેઓના વીજબીલ ગ્રાહક નં. ૩૧૪૦૪/૧૦૧૫૨/૭ મા ઉજાલા બલ્બની રકમ ચડત આવતી હોય – પરંતુ અરજદારે ઉજાલા બલ્બની કોઈ ખરીદી કરેલ ન હોય – જેથી સદર રકમ જમા આપવા સબંધક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોકત પેરા નં.–૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ પી.આર.ટી.–૧૪૫ મુજબ – સદર ગ્રાહકના વીજબીલમાં નીચે મુજબ – ઉજાલા ચાર્જીસ વસુલાયેલ છે.

| Billing Month | Ujala Charges in Rs. |
|---|---|
| DEC,JAN,19 BIL FEB,19 | ૧૫૩.૩૪ |
| FEB,MAR,19 BIL APR,19 | ૧૫૩.૩૪ |
| APR,MAY,19 BIL JUN,19 | ૧૫૩.૩૪ |
| JUN,JUL,19 BIL AUG,19 | ૧૫૩.૩૪ |
| AUG,SEP,19 BIL OCT,19 | ૦.૦ |
| OCT,NOV,19 BIL DEC,19 | ૦.૦ |
| Total | ૬૧૩.૩૬ |

ઉપરોકત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજબીલના ખાતામા જમા આપવા માટે ની કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા કરાયેલ છે, જે ગ્રાહકના ખાતામા સદર રકમ તા. ૨૭.૦૧.૨૦૨૦ થી રૂ.૬૧૩.૩૬ જમા આપેલ છે. સદર બાબતની જાણ અરજદારને ફોરમ મીટીંગમાં રૂબરૂ જાણ કરેલ છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદારની ફરીયાદ નું પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિરાકરણ કરવામાં આવેલ છે

૪.૪ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ- ૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.